ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૪ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૧૬માં બેંક રોડ પર પાણી ભરાતાં પાર્કીંગ સમસ્યા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર-૧૬ના બેંક રોડ પર પાર્કિંગમાં ચાર દિવસથી પાણી ભરાઈ રહ્યું છે. જેના કારણે શોપિંગ સેન્ટરો, બેંકના કર્મચારીઓ તથા આ બિલ્ડિંગના તમામ નાગરિકોને વાહન પાર્ક કરવા માટે મોટી દુવિધા ઉભી થઈ છે. તંત્ર દ્વારા તાત્કાલિક આ પાણીનો નિકાલ થાય તેવી ચોકકસ વ્યવસ્થા કરવી જોઈએ.

ગાંધીનગરમાં સત્તાધારી પક્ષો દ્વારા વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે પરંતુ આ દશ્યો જોઈએ ત્યારે એમ લાગે છે કે વિકાસ કાર્યો માત્ર દેખાવ પુરતા જ બનાવાયા છે. શહેરમાં પાર્કિંગની સમસ્યાઓ ના નિકાલ માટે કોમર્શિયલ બિલ્ડિંગો, સેકટર-૧૧, સેકટર-૨૧ માર્કેટ, સે-૨૪માં તથા અન્ય વિસ્તારોમાં પાર્કિંગ માટેની સુવિધાઓ બનાવી છે પરંતુ આ પાર્કિંગમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાય છે તેના નિકાલ માટેની કોઈ સુવિધાઓ બનાવવામાં આવી નથી. છેલ્લા ચાર દિવસથી પાર્કિંગ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. જેમાં મસમોટી લીલ જામી ગઈ છે તથા ગંદકી અને દુર્ગંધયુકત પાણી ભરાઈ રહ્યું છે.

સેકટર-૧૬ના પાર્કિંગ વિસ્તારમાં હોટલો, ખાણી પીણીની લારીઓ, દુકાનો આવેલી છે અને એક બાજુ આ ગંદકી સર્જાયેલી છે. વરસાદી પાણી ભરાવાથી ડેન્ગ્યુના મચ્છરોનો ઉપદ્રવ વધે છે. હાલમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચીકનગુનિયા, કમળો જેવા વાહનકજન્ય રોગો વધારે માત્રામાં જોવા મળી રહ્યા છે તેમ છતાં શહેરમાં પાણી ભરાવવાની સમસ્યાઓ ત્યાં ને ત્યાં જ છે.

શહેરીજનોને આ વિસ્તારમાં વાહનો પાર્ક કરવાની જગ્યા મળતી નથી. મોટા વાહનો, ફોર વ્હીલર્સ તથા ટુ વ્હીલર્સ પાટનગરવાસીઓ રસ્તા પર જ પાર્ક કરી મુકે છે કારણકે માર્ગની બંને તરફ પાણી ભરાઈ રહ્યું છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થવા પામી છે. તંત્ર દ્વારા પાર્કીંગમાં યોગ્ય સુવિધાઓ બનાવવામાં આવી નથી જેથી ચોમાસામાં ઠેર ઠેર પાણી ભરાઈ રહ્યા છે.

વરસાદના કારણે માર્ગ પર ખાડા અને રસ્તાઓ ધોવાઈ ગયા છે. દર વર્ષે ચોમાસામાં માર્ગો પર ખાડા પડી જવાની દહેશત વર્તાય છે. ફૂટપાથ પણ તૂટી ગયેલી હાલતમાં જોવા મળે છે. પાર્કિંગ વિસ્તારોમાં ભરાયેલ પાણીનો તાત્કાલિક નિકાલ કરવાની માંગ વેપારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવી છે. આ પાણીનો નિકાલ કરવામાં નહીં આવે તો રોગચાળો ફેલાવાની દહેશત દેખાઈ રહી છે.

જન્મદિને વધામણી

ગુણવંત ડી ગોહેલ
મો. ૯૦૩૩૦ ૨૪૬૪૫

રંજનબેન કે ભટ્ટ
કલાશ્રી ડોલ્સ ફેબ્રીક શિલ્પ આર્ટીસ્ટ
મો. ૯૩૭૬૧ ૬૨૫૧૫



પ્રાન્સી પટેલ
મો. ૯૪૨૯૭ ૨૬૮૩૭

શ્રીજા ત્રિવેદી

દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦

કીર્તિભાઈ ઉપાધ્યાય
મો. ૯૨૨૭૪ ૨૦૪૨૮

કર્તવ્ય જિજ્ઞેશ શાહ
મો. ૯૮૯૮૭ ૭૯૦૧૧

યુવરાજસિંહ બારીયા
મો. ૮૧૪૧૬ ૪૯૦૬૦

કુલદીપ ઠાકોર
મો. ૮૧૪૦૪ ૯૨૦૭૯

જાયન્ટસ ગ્રુપ મેઈન સાહેલી દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા.૨૨

જાયન્ટસ વિક તથા જાયન્ટસ ગોલ્ડન જયુબિલી વર્ષની ઉજવણીરૂપે છઠ્ઠા દિવસે સંસ્થા દ્વારા સ્પેશીયલ ચિલ્ડ્રન હોમ સંસ્થા કે જેમના બાળકોને તેમના માતા પિતાએ એચ.આઈ.વી. પીડિત હોવાથી તરછોડાયેલા છે અને રાખવા તૈયાર નથી તેવા બાળકોની આ સંસ્થા બધા જ પ્રકારની જાળવણી રાખે છે. આ બાળકોને કળા, સંતરા, નાસપતી વગેરે ફળોનું વિતરણ કરાયું હતું. આ સેવાકાર્યમાં જા.વે.ફા.ના બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ, મેઈન ગ્રુપના પ્રમુખ વિકેશ પટેલ, સક્રીય જાયન્ટસ મેમ્બર નવિન પટેલ, સાહેલી ગ્રુપના ડી.એ. દક્ષાબેન પટેલ, અલ્કાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

અંબા સ્કુલ ખાતે સિંગલ યુઝ પ્લાસ્ટિક નાબુદી માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર પાસેના અડલજ ખાતે ત્રિમંદીર વિસ્તારમાં અંબા સ્કુલ ઓફ એકસેલન્સ ખાતે સિંગલ યુઝ પ્લાસ્ટિકની પુર્ણ નાબુદી માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સિંગલ પ્લાસ્ટિક વેસ્ટનો વર્ષ ૨૦૨૨ સુધીમાં પુર્ણ નિકાલ કરવાના ધ્યેય અર્થે વિધાર્થીઓમાં જાગૃતિ ફેલાવવા માટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કચેરી દ્વારા આયોજિત કાર્યક્રમમાં બોર્ડના મલ્હાર પટેલે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ૨૦૧૬ના નિયમોની

જાણકારી આપી હતી. આ ઉપરાંત કાર્યક્રમના વક્તા તરીકે ભરતભાઈ પ્રજાપતિ દ્વારા વિદ્યાર્થીઓને વડાપ્રધાનના 'મન કી બાત' કાર્યક્રમના જુદા જુદા ઉદાહરણો આપીને પ્રાસંગિક પ્રવચનમાં પ્લાસ્ટિક વેસ્ટની વિઘાતક અને ગંભીર અસરો ઉપર વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે સિંગલ યુઝ પ્લાસ્ટિક વેસ્ટના પુર્ણ નિકાલ કરવામાં યોગદાન આપવા અને પર્યાવરણના જતન, સંરક્ષણ, સંવર્ધન અને રક્ષણ માટે પ્રતિબદ્ધ થવાના સંકલ્પ લેવડાવવા સાથે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. આ વિષયે નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આમ આદમી પાર્ટીના સ્ટાર પ્રચારક કલ્પ ત્રિવેદી (પરપોટો) જે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. ગાંધીનગર મનપા વોર્ડ નં.૭ના આઈ.ટી. ઈન્ચાર્જ રોકી પટેલે સી.આર. પાટીલ દ્વારા ભાજપનો ખેસ પહેરાવી પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત ઠાકર, અધ્યક્ષ રૂચિર ભટ્ટ, મહામંત્રી ગૌરાંગ પટેલ અને ધર્મેન્દ્રસિંહ વાઘેલા, વોર્ડનં.૭ના ઉમેદવાર શૈલેષભાઈ પટેલ, પ્રમુખ દિલીપસિંહ ગોલ, વોર્ડ પ્રમુખ જીગર પટેલ, મહામંત્રી સાહિલ પટેલે કલ્પ ત્રિવેદીનું સ્વાગત કર્યું હતું.

ભારતીય જનતા પાર્ટીએ ૮૫૦૦ મહિલાઓને પેપ ટેસ્ટ કરાવી વર્લ્ડ રેકોર્ડ સર્જયો

ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા અને મેડિકલ સેલ ગુજરાત દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ૧૭૦ સ્ત્રી રોજ નિષ્ણાંત ડૉકટર દ્વારા ગુજરાતની ૧૭૦ હોસ્પિટલોમાં ૮૫૦૦ મહિલાઓને નિઃશુલ્ક પેપ ટેસ્ટ કરાવી વર્લ્ડ રેકર્ડ સર્જયો હતો. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા આ અંગે વર્લ્ડ રેકોર્ડનું પ્રોવિઝનલ સર્ટીફીકેટ કમલમ ખાતે સી.આર. પાટીલ તથા મહામંત્રી રત્નાકરજી તથા મહિલા મોરચાના અધ્યક્ષ ડૉ. દિપીકાબેન સચિન સરડવાને ગુજરાત પ્રમુખ અશ્વિન ત્રિવેદી દ્વારા એનાયત કરાયું હતું. સંસ્થાના યુરોપના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેચલર, ભારતના પ્રેસિડેન્ટ સંતોષ શુકલ તથા વાઈસ પ્રેસિડેન્ટ દિવ્ય ત્રિવેદીએ ભારતીય જનતા પાર્ટીને આ રેકોર્ડ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ૫૦ પીટી ટીચર્સને અપાયું પ્રશિક્ષણ

ગાંધીનગર, તા.૨૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગરના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા રાજ્યની વિવિધ ૬૫ શાળાના શિક્ષકોએ રમતના માધ્યમથી બાળકોનાં ચારિત્ર્ય ઘડતરની ભૂમિકા ભજવવાની છે. આ માટે શિક્ષકોએ સક્ષ્ય થવાનું છે.

વિદ્યાનિકેતન શાળાના શારીરિક શિક્ષણના ૫૦ શિક્ષકોનો પ્રશિક્ષણ કાર્યક્રમ તા. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરે વડોદરા જિલ્લાના મોટા ફોફળિયા ખાતે યોજાઈ ગયો.

રમત-ગમતના માધ્યમથી વિદ્યાર્થીઓ વીરતા કેમ પ્રાપ્ત કરી શકે અને તેમનું ચારિત્ર્ય ઘડતર કેવી રીતે થાય તે અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે બીજરૂપ વક્તવ્ય આપ્યું. તેમણે કહ્યું કે, આ કાર્યક્રમમાં ડૉ. ચનિયારા સાહેબે વિદ્યાર્થીઓમાં "મોટર એબિલિટી" કેવી રીતે વિકસાવી શકાય તે અંગે વિદ્વત્તાપૂર્ણ પ્રવચન આપ્યું, તો ડૉ. અનંત ઠાકોરે કોરોના પછી તંદુરસ્તી કેમ જાળવવી તે અંગે સૌને સમજ આપી. તેમણે મોબાઈલ ટુ મેદાન-છાત્રોના હાથમાંથી મોબાઈલ છોડાવીને મેદાન સુધી લઈ જવા પર ભાર મૂક્યો. વિદ્યાનિકેતન વિભાગના ડૉ. કુણાલ પંચાલના અધ્યક્ષપદે આ બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં કન્વીનર તરીકે ડૉ. મહેન્દ્ર પટેલ રહ્યા. સાથે ડૉ. શિલ્પા વાળા, જયદેવ ધાંધિયા ટીચર્સ તાલીમમાં જોડાયા હતા. ડૉ. ચિરાગ સોલંકી, હાર્દિક ભટ્ટે મનનીય સંગીત કાર્યક્રમ રજૂ કર્યો, જેમાં સંગીત સાથે રમતગમતને કેવી રીતે પ્રોત્સાહન આપી શકાય તે નવો અભિગમ રજૂ કર્યો. નોંધનીય છે કે, વિદ્યાનિકેતન દ્વારા શારીરિક શિક્ષણ ઉપરાંત ગુજરાતી ભાષા, ગણિત-વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ચિત્રકળા, સંગીત વગેરે વિષયોના શિક્ષકોનું પ્રશિક્ષણ પણ યોજાશે.

કરાટે કલાસના બાળકોનો જિલ્લા કક્ષાએ ઉચ્ચ દેખાવ

ગાંધીનગર, તા.૨૨

વાડોકાઈ કરાટે એકેડેમી દ્વારા જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કરાટે કલાસના બાળકોએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉચ્ચ દેખાવ કર્યો હતો. જેમાં ફોર્સ વન ડિફેન્સ એકેડેમીના તાલીમ વર્ગના બાળકોનો ઉચ્ચ દેખાવ રહ્યો હતો. ૨ ગોલ્ડ, ૩ સિલ્વર મેડલ મેળવ્યા હતા તે બદલ વાડોકાઈ કરાટે એકેડેમીના ટેકનિકલ ડાયરેકટર શિહાં અરવિંદ રાણા અને કોચ સેંસાઈ દર્શન સુથાર તથા ફોર્સ વન ડિફેન્સ એકેડેમીના કોચ પ્રશાંત મેવાડાએ અભિનંદન પાઠવ્યા હતા.

ભાજપ વોર્ડનં.૭ના ઉમેદવાર શૈલેષભાઈ પટેલ દ્વારા વાવોલમાં ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં ઢોલ નગારા સાથે ભાજપના ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર કર્યો હતો.

શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન દેરાસર સેકટર-૨૧ ખાતે પર્યુષણ પર્વ પૂર્ણ થતાં દિગંબર જૈન તપસ્વીઓ અને ભકતો દ્વારા ભગવાનની શોભયાત્રા કાઢવામાં આવી હતી.

ગાંધીનગર વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ સફળતાપૂર્વક સંપન્ન

વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી, ગાંધીનગર અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી શાળાનાં વિદ્યાર્થીઓ માટે કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા ૧૧૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ફેડરેશનનાં ચેરમેન શિહાન શ્રી અરવિંદ રાણાનાં માર્ગદર્શનમાં યોજાયેલી આ સ્પર્ધા વિવિધ બેલ્ટ, ઉંમર અને વજનમાં વિભક્ત કરી રમાડવામાં આવી હતી. ગાંધીનગરનાં નિયામક રેન્શી શ્રી ગૌરાંગ રાણા તથા સ્પર્ધાની આયોજન સમિતિનાં ચેરમેન સેનસાઈ શ્રી યોગેશ વિશ્વકર્માનાં નેતૃત્વમાં ૧૬ જેટલા બ્લેક બેલ્ટ નિષ્ણાત રેફરી અને જજના પુરૂષાર્થથી આ સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

સેકટર-૨૭ સ્થિત પોલીસ અધિક્ષધકની કચેરી ખાતે આવેલા જિલ્લા તાલીમ કેન્દ્રનાં વિશાળ સભાખંડમાં યોજવામાં આવેલ આ સ્પર્ધા બે સત્રોમાં રમાડવામાં આવી હતી. પ્રથમ સવારના સત્રમાં બાલિકાઓ તથા બપોરનાં સત્રમાં બાળકોએ ભાગ લીધો હતો. સવારનાં સત્રમાં સુરક્ષા સેતુ સોસાયટીનાં કોઓર્ડીનેટર શ્રી પી. સી. વાલેરા, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી. જી. ટુંડીયા, રોટરી ક્લબનાં પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહ, સેક્રેટરી શ્રી પાર્થ ઠક્કર, સ્થાપક પ્રમુખ શ્રી જગત કારાણી, પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા સહિત અનેક રોટરી ક્લબનાં પદાધિકારીઓ અને સભ્યોએ હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

વેદિક એસ્ટ્રોલોજી ફાઉન્ડેશન દ્વારા અંધશ્રધ્ધા દૂર કરવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

વેદિક એસ્ટ્રોલોજી ફાઉન્ડેશન દ્વારા સેકટર-૩ ખાતે સમાજની અંધશ્રધ્ધા દૂર કરવા અંગેના પ્રયત્નો અન્વયે કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં આગામી નવું વર્ષ કેવું જશે તેની જયોતિષ વિષયના પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરી હતી. જેનું સંચાલન સંસ્થાના પ્રમુખ ડૉ. વિષ્ણુ વૈષ્ણવે કર્યું હતું. આ નિઃશુલ્ક અધ્યયનનો દર રવિવારે લાભ લેવા ૯૮૨૪૬ ૪૭૪૩૫ નંબર પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

બીસીએ કોલેજમાં 'થીંક ઓન ઈટ' વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૨

બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ બીસીએ અને એસ.વી. ઈન્સ્ટિટયુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ વેબીનાર સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ દ્વારા કુલ ૩ વેબિનારનું આયોજન કરાયું હતું. જેમાં વિષય નિષ્ણાંત તરીકે જૈમિના કુલકર્ણીએ સેવા આપી હતી. આ વેબીનારનું આયોજન કોલેજના ડાયરેકટર રૂપેસ વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં સેમેસ્ટર-૩ના ૨૮૭ કરતા વધારે વિદ્યાર્થીઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. પુરબિયા મણીબેન શકરાભાઈ,** ઉ.વ. ૭૩, પાલજ જૂના
- **સ્વ. જોષી રેવાબેન રવિશંકરભાઈ,** ઉ.વ. ૯૦, સેકટર-૪
- **સ્વ. દંતાણી જેઠીબેન હરિભાઈ,** ઉ.વ. ૮૫, સે-૨૮, છાપરાં